ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૪૨ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૨૧ શાકમાર્કેટમાં આખલાનો રોડ શો

જાહેર સ્થળોમાં, શાકભાજી બજારોમાં રખડતા ઢોરોનો વધતો જતો ત્રાસ

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં શાકભાજી બજારમાં ગ્રાહકો સાથે સાથે રખડતાં ઢોરો પણ શાકભાજી ખરીદવા આવતા હોય તેમ ખુલ્લે આમ બજારોમાં જોવા મળી રહ્યા છે. સેકટર-૨૧ના બજારમાં આખલા અને ગાયો સાથે સાથે કુતરાઓ પણ જોવા મળી રહ્યા છે. આખલાઓ ગમે ત્યારે ગ્રાહકોને અડફેટ મારી શકે છે. આવી ઘટનાઓ અવાર નવાર સામે આવી રહી છે. જેમાં નાગરિકોને રખડતા ઢોરો અડફેટે લઈ રહ્યા છે અને જાનહાનિ પહોંચાડી રહ્યા છે.

રખડતા ઢોરોથી મુકત કરવા માટે નાગરિકોએ ઘણી બધી અરજીઓ અને ફરિયાદો કરી છે તેમ છતાં આ વિસ્તારમાં આખલા અને ગાયોના અડીંગા વર્ષોથી જોવા મળી રહ્યા છે. શાકભાજી વેચતા વેપારીઓના શાકભાજી પણ ખાઈ જતા હોય છે. કયારેક અચાનક ભીડભાડ વાળી જગ્યામાં આખલાઓ દોડવા માંડે છે અને ગમે તેને અડફેટે લઈ લે છે. શાકભાજી બજારમાં પ્રવેશદ્વાર પાસે જ કચરાપેટી મુકવામાં આવી હોવાથી ત્યાં રખડતાં ઢોરોનો અડીંગો થઈ જાય છે. જયારે શાકભાજી વેચનારા સાંજના સમયે બગડેલ શાક ઢોરો માટે નાંખે છે તેથી દરરોજ ત્યાં ગાયોનો જમાવડો જોવા મળે છે પરંતુ આ રખડતા ઢોરોના કારણે કોઈ માસૂમને જીવનું જોખમ થાય છે તેની કોઈ જવાબદારી લેતું નથી. વર્ષોથી આ શાકભાજી બજારોમાં રખડતા ઢોરોથી ગ્રાહકો તથા વેપારીઓ પરેશાન થઈ રહ્યા છે.

છતાં તંત્રના ધ્યાનમાં આ વિષય આવતો નથી. માત્ર ફોરમાલિટીઓ થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે.

શહેરમાં રખડતા ઢોરો અને કૂતરાઓના કારણે ઘણા શહેરીજનોને નુકશાન થયું છે તેમ છતાં કોઈ કડક કાર્યવાહી થઈ રહી નથી. તેથી શહેરીજનોમાં રોષની લાગણી પ્રસરી રહી છે. ચૂંટણી ટાણે મોટા મોટા વાયદાઓ કરતા નગરસેવકો પોતાની જનતાના પ્રશ્નોના નિરાકરણ કયારે કરી શકે છે તે તો હવે જોવું રહ્યું. શહેરને સ્માર્ટ બનાવવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ શહેરીજનોને રોજબરોજ સ્પર્શતી દાયકાઓ જૂની સમસ્યાઓ હજી યથાવત છે ત્યારે શહેરને સાચા અર્થમાં સ્માર્ટ બનાવવા માટે આમ નાગરિકોના જનજીવનને સ્પર્શતી સમસ્યાઓ ડામવા હવે ત્વરિત પગલા લેવાય તેવો એક સુર ઉઠવા પામ્યો છે. જુની સમસ્યાઓનો અંત આવતો નથી ત્યારે નવી સમસ્યાઓ પણ ઉભી થતી જાય છે. શહેરના વિવિધ વોર્ડમાં નગરસેવકોને સ્થાનિકો જુદી જુદી ફરિયાદો કરી રહ્યા છે. જેમાં દબાણ, રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા મુખ્ય છે. સ્થાનિકો દ્વારા રજુ થતી ફરિયાદોમાં આ ત્રણ સમસ્યા મુખ્ય બની છે. જાહેર માર્ગો તેમજ સ્થળો પર ઠેર ઠેર રખડતા જોવા મળતા ઢોરને પાંજરામાં પુરવાની વાત પણ પોકળ પુરવાર થઈ છે. આ આખી ઝુંબેશ નાટકીય પુરવાર થતા સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો છે. રોજબરોજ આમ નાગરિકોના જનજીવનને પ્રભાવિત કરતી આ સમસ્યા તરફ તંત્રએ વર્ષોના અંતે પણ ડોકીયું કર્યું નથી પરંતુ માત્ર સ્માર્ટ સીટીના નામે કરોડો રૂપિયાના ખર્ચે થતા તોતિંગ કામો તરફ જ ધ્યાન આપવામાં આવે છે. તંત્ર દ્વારા જનતાની આ સમસ્યાઓનું નિવારણ લાવવું જ જોઈએ નહીં તો સ્માર્ટ સીટીના સપના કોઈ દિવસ પુરવાર થશે નહીં.

અમૃતભાઈ પટેલને રાજયપાલે રાજય મુખ્ય માહિતી કમિશનર તરીકે શપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે અમૃતભાઈ પટેલને રાજય મુખ્ય માહિતી કમિશનર ગુજરાત રાજય તરીકે રાજભવન ખાતે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવ પંકજકુમાર,અધિક મુખ્ય સચિવ એ.કે. રાકેશ, રાજય માહિતી કમિશનર સર્વે કિરીટભાઈ અર્ધ્વયુ, રમેશભાઈ કારિયા, વિરેન્દ્રભાઈ પંડયા, સુભાષભાઈ સોની ઉપરાંત વરિષ્ઠ સચિવ તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એસ.કે. પટેલ, કેજી સ્કુલમાં હેન્ડ હાઈજીન એકિટવિટી યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

એસ.કે. પટેલ, કેજી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં હેન્ડ હાઈજીન એકિટવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને હેન્ડ હાઈજીન કયારે, કયાં અને કેમ કરવામાં આવે છે તેને લગતા પોસ્ટરો બનાવીને બાળકોને હેન્ડ હાઈજીન વિશેનું મહત્વ સમજાવ્યું હતું.

શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજમાં નેનો સાયન્સમાં ચમત્કારો પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૪

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ, ઑફ ટેક્નોલોજી વિજ્ઞાન અને માનવતા વિભાગ દ્વારા પ્રથમ વર્ષની ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે નેનો સાયન્સમાં ચમત્કારો પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. ચેતના ચૌહાણ, મદદનીશ પ્રોફેસર (નિરમા યુનિવર્સિટી) ને નેનોમટેરિયલ્સનું સંશ્લેષણ કરવા માટેની વિવિધ ફેબ્રિકેશન તકનીકો, ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોમાં નેનોમટેરિયલ્સનો ઉપયોગ અને નેનોટેકનોલોજીમાં નેનોમટેરિયલ્સ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે ચર્ચા કરવા નિષ્ણાત તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. વેબિનારમાં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સંબંધિત ક્ષેત્રમાં તેમના જ્ઞાનને સમૃદ્ધ બનાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડો. કિંજલ અધ્વર્યુએ વિધાર્થીઓ અને સ્ટાફ મિત્રોને આ સફળ વેબિનાર બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. પંડયા ભાસ્કરપ્રસાદ અંબાલાલ,** ઉ.વ. ૬૮, સેકટર-૭
- **સ્વ. વાઘેલા અમિતભાઈ બાબુભાઈ,** ઉ.વ. ૩૦, બોરીજ
- **સ્વ. બિહોલા તિકાબા કેહુજી,** ઉ.વ. ૯૫, નવા પાલજ

ભાડજમાં ગીતા જયંતિની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

હરેકૃષ્ણ મંદર, ભાડજ ખાતે ગીતા જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભગવદગીતાના ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોકનું પઠન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમિયાન હરેકૃષ્ણ મંદિરના અધ્યક્ષ હીસ ગ્રેસ જગનમોહન કૃષ્ણ દાસાએ ભગવદ ગીતાનું મહત્વ સમજાવતા પરિસંવાદ કર્યો હતો. ગીતા જયંતિ ઉત્સવના ઉપક્રમે ગીતા મંડપનુ નિર્માણ કરવામાં આવ્યુ હતું. આ મંડપમાં કૃષ્ણકૃપા મૂર્તિ શ્રીલા પ્રભુપાદ દ્વારા 'ભગવદ ગીતા યશા સ્વરૂપે'માં વિશેષ રીતે કરેલ નોંધની આવૃત્તિ તેમજ તેની વિશ્વની ૮૩ જેટલી જુદી જુદી ભાષાઓમાં રૂપાંતરિત થયેલ કૃતિઓ મુકવામાં આવી હતી. આ ઉત્સવ દરમિયાન ભકિત સંગીત કાર્યક્રમ પણ યોજાયો હતો. ગીતા જયંતિ પર્વના ભાગરૂપે હરેકૃષ્ણ મંદિર દ્વારા એક બુક મેરેથોન નામની એક મહિનાની ઈવેન્ટનું આયોજન કર્યું છે. આજના ઝડપી યુગના જીવનમાં મહાન પુસ્તક ભગવદગીતા પ્રત્યે સામાન્ય માણસોને રુચિ અને રસ વધારવા માટે મંદિર સાથે સંકળાયેલ ભકતો દ્વારા વિવિધ જાગૃત કરતા કાર્યક્રમો યોજવામાં આવે છે. અમદાવાદ શહેરની ઘણી બધી શાળાઓ, કોલેજની લાઈબ્રેરી, વૃધ્ધાશ્રમો, અનાથાલયો, જેલ કેદીઓને કોમ્યુનિટી હોસ્ટેલોને મંદિર તરફથી દર વર્ષે શ્રીમદ ભગવદ ગીતા ભેટ રૂપે આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં કુરૂક્ષેત્રની રણભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણ પાર્થના સારથી તરીકે પોતાના પ્રિય સખા અર્જૂનને બોધ આપતા જીવનકાળનો દરબારનું પણ નિર્માણ કરીને તેને ફૂલોથી મોટા પાયે શણગારવામાં આવ્યો હતો.

એ.વી.વી. સ્કૂલમાં લાયન્સ ક્વેસ્ટ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૪

આજના બાળકો ભવિષ્યમાં સારા નાગરિક બની શકે તે હેતુથી બાળકોમાં નેતૃત્વનો ગુણ, આત્મવિશ્વાસ, વ્યવહારિક કુશળતા, ટીનેજર્સ માં આવતા ચેન્જીસ અને સામાજિક રહેણી કરણીના વિકાસ અને તે અંગેની સમજ આપવા માટે લાયન્સ ક્વેસ્ટ પ્રોગ્રામ કરવામાં આવે છે. જેના કુલ ૪૦ લેક્ચર્સ હોય છે. જે આજના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી હોય છે. લાયન્સ ક્લબ- ફેમીના, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી એવું સામાજિક તથા વ્યવહારિક જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. એકમાત્ર ચોપડીયું જ્ઞાન જ નહિ પરંતુ આજના સમયમાં વ્યવહારિક- સામાજીક જ્ઞાન હોવું પણ ખૂબ જ અનિવાર્ય છે. જેની સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ તથા લાયન્સ ક્લબ-ફેમિના ગ્રુપના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ ખૂબ જ સફળ નીવડ્યો હતો.

સે-૭ પોલીસ મથક વિસ્તારમાંથી બે ઈકોના સાયલેન્સરની ચોરી

એક જ રાત્રીમાં બે ઈકોના સાયલેન્સરની ચોરી થતા વાહનચાલકોમાં ભય

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઈકોના સાયલેન્સર ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. ઈકોના સાયલેન્સર ચોરીની વ્યાપક ફરીયાદો શહેરમાં ઉઠવા પામી છે. ત્યારે સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં વાવોલ અને સેકટર-૫ માં ઘર પાસે પાર્ક કરેલી ઈકોના સાયલેન્સરની ચોરી થવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ એ પ્લોટ નં. ૧૭૫૦ ખાતે રહેતા ભરત ગીધાજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને યોગી કોમ્પ્લેક્ષમાં દુકાન નં.એફ-૨ ખાતે શિવશકિત સીટ કવર બનાવવાનું કામ કરે છે. જયારે ઈકો કારનો ઉપયોગ તેમના માટે કરે છે. ગત તા. ૧૨ ના રોજ સાંજના ૮ વાગે ઘર પાસે ઈકો કાર નં.જી.જે.૧૮.બી.એચ.-૩૧૫૭ પાર્ક કરી હતી. ત્યારબાદ સવારના ૪ વાગે ઉઠીને ભરતજી ઈકોની સફાઈ કામ કરતા હતા. ત્યારબાદ ઈકો ચાલુ કરતા અવાજ બદલાયેલો લાગતા જોયુ તો સાયલેન્સરની ચોરી થવા પામી હતી.

જયારે બીજા બનાવમાં વાવોલ કુબેરનગર મકાન નં.૧૫૬૬ ખાતે રહેતા ૨૪ વર્ષિય મલદુમભાઈ વોરા પરિવાર સાથે રહે છે અને પ્લમ્બીંગનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પોતાના ઉપયોગ માટે ઈકો કાર નં. જી.જે.૧૮.બી.એલ.-૫૬૯૦ છે. ગત તા.૧૨ ડિસેમ્બરના રોજ રાત્રીના ૯ વાગે ઘર પાસે પાર્ક કરી હતી. જયારે તા.૧૩ ના રોજ સવારે ૮ વાગે ઉઠીને ઈકો ચાલુ કરતા અવાજ બદલાયેલો લાગતા આસપાસના નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા.ત્યારપછી ગાડીમાં ચેક કરતા સાયલેન્સર ન હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી એક જ રાત્રીમાં બે ઈકોના સાયલેન્સરની ચોરી થતા વાહનચાલકોમાં ભય ફેલાયો છે. જયારે બંન્ને વાહન માલિકોએ સેકટર-૭ પોલીસ મથકે સાયલેન્સર ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તજવીજ હાથ ધરી છે.

ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર સંસ્થા અમદાવાદના વડા ઈલાબેન વોરા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલાઓને લગતા કેન્સર વિશે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ઉદયભાઈ વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. નયનેશ વસાવાએ આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ સંચાલન સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુંએ કર્યું હતું.

જન્મદિને વધામણી

ડો. ઉર્વી મહેતા
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

પટેલ વેદ કિરીટભાઈ
મો. ૯૩૨૮૧૨૫૧૮૫

ડો. મયુર ધ્રુવકુમાર જોષી
મો. ૯૪૨૭૩ ૮૦૭૮૮



નિમિષા સી. પારેખ
મો. ૯૩૧૬૧ ૦૯૩૧૩

જશન ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

મંથન ભરતભાઈ પરમાર

ટ્વિંકલ ભરતભાઈ પરમાર

ગાંધીનગરની ફુટપાથો પરથી દબાણો હટાવવાની કામગીરી પુરજોશમાં

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને ફુટપાથો પરના નડતરરૂપ શેડ-મંડપ ઉખાડવા સાથે બિનવારસી લારી-ગલ્લાં જપ્ત કરાઈ રહયાં છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે, તેના ભાગરૂપે શહેરના મુખ્ય અને આંતરિક માર્ગો પરથી લારી ગલ્લાના દબાણ હટાવવાની ઝુંબેશ ચાલુ કરી દેવામાં આવી છે. શહેરના વિવિધ સેકટરો ફરતે આવેલા મુખ્ય માર્ગની ફૂટપાથ પર હંગામી દબાણો સમાન લારી-ગલ્લાના પણ હટાવાઈ રહ્યા છે. આ ઉપરાંત ફુટપાથોને આવરી લેતા મંડપ, શેડ કે અન્ય પ્રકારના દબાણોને પણ હટાવવાની કામગીરી તંત્ર દ્વારા સઘન રીતે ચલાવાઈ રહી છે જેમાં બિનવારસી જણાય તેવા લાંબા સમયથી પડી રહેલાં લારી-ગલ્લાં જપ્ત કરવામાં આવી રહ્યાં છે. શહેરના સેક્ટર-૨૪ આસપાસ આ પ્રકારની કામગીરી પુરજોશમાં થઈ રહેલી જોવા મળી હતી.

કોરોના મહામારીના લોકડાઉન બાદ લાંબા સમય પછી ફરી એકવાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું રાજય સરકાર દ્વારા આગામી જાન્યુઆરી માસના બીજા સપ્તાહમાં આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માટે રાજયના પાટનગરને વિદેશી તથા દેશના વિવિધ ભાગોમાંથી પધારી રહેલા વીવીઆઈપી મહેમાનો અને રોકાણકારોને આકર્ષવા દર વખતની જેમ આ વખતે પણ રાજયના

પાટનગર ગાંધીનગરને સોહામણું બનાવવા સરકારે કવાયત હાથ ધરી છે. આ કવાયતના ભાગરૂપે શહેરના બ્યુટીફિકેશન અંતર્ગત વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે જે પૈકી શહેરના માર્ગો પરથી ગેરકાયદેસર હંગામી દબાણોને દૂર કરી શહેરને રૂપકડું દેખાડવા તંત્ર કામે લાગ્યું છે. શહેરની ફુટપાથો પર જયારે દબાણ વિકસી રહ્યું હોય ત્યારે કોઈને કોઈ કારણોસર આંખ આડા કાન કરતું તંત્ર અત્યારે કોરોના લોકડાઉન પછીના માંડ થાળે પડી રહેલા નાના છુટક વેપાર કરતાં લારી-ગલ્લાં-પાથરણાંવાળાને હટાવવા શૂરાની જેમ જંગે ચડેલું જણાય છે. સૌને ખબર છે કે ગાંધીનગરમાં રસ્તાની ફુટપાથનો ઉપયોગ નાગરિકોના ચાલવા કરતા લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ દ્વારા પોતાનો ધંધો રોજગાર કરવા માટે વધારે થઈ રહ્યો છે અને તે માટે તેઓ કાયદેસર રીતે હોકર્સ લાયસન્સ માટે પણ અનેક રજુઆતો કરી ચુક્યાં છે. જોકે અનેક વેપારીઓ દ્વારા ફુટપાથ પર નાગરિકોને ચાલવામાં નડતરરૂપ થાય તે રીતે મંડપ, શેડ વગેરે બાંધી દેવામાં આવે છે અથવા નાના-મોટા ટેબલ કે કાઉન્ટર મુકી દેવાય છે. તંત્ર દ્વારા છાશવારે આ દબાણો હટાવવાની કામગીરી કરવાનોમાં આવે છે, પરંતુ થોડા દિવસ બાદ ફરી પાછું હતું તેમ થઈ જાય છે ત્યારે નાગરિકોની લાગણી છે કે આ પ્રકારના ગેરકાયદેસર અને નડતરરૂપ દબાણો હટવા જોઈએ પણ તે માત્ર વાઈબ્રન્ટ સમિટ પુરતાં નહીં પરંતુ તેના બાદ પણ ફરી દબાણો ના થાય તેની તકેદારી સાથે હટવા જોઈએ. બીજી તરફ લારી, ગલ્લાં કે પાથરણાં પર વેપાર કરી પોતાનું પેટિયું રળતાં વેપારીઓ ઈચ્છી રહ્યાં છે કે તેમને હોકર્સ લાયસન્સ સાથે નિશ્ચિત સ્થળે વારંવાર તંત્રની હેરાનગતિ વગર આજીવિકા રળવાં ધંધો કરવા મંજુરી આપવામાં આવે.